Thursday
27.06.2024
✳Volume :8 ✳ Issue No.337
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રીએ લોકસભા અધ્યક્ષાની ચૂંટણી બાદ ગૃહમાં સંબોધન કર્યું

"૧૭મી લોકસભામાં અનેક પરિવર્તનકારી કાયદાકીય પહેલો જોવા મળી હતી"

"સંસદ માત્ર દીવાલો જ નથી પરંતુ ૧૪૦ કરોડ નાગરિકોની આકાંક્ષાનું કેન્દ્ર છે"

કમલમ્ ન્યૂઝ,

શ્રી ઓમ બિરલાગૃહના અધ્યક્ષ તરીકે ચૂંટાયાબાદ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ લોકસભામાં સંબોધન કર્યું હતું. પ્રધાનમંત્રીએ શ્રી બિરલાને સતત બીજી મુદત માટે સ્પીકરનો હોદ્દો સંભાળવાનું સ્વાગત કર્યું. તેમણે અધ્યક્ષને ગૃહ તરફથી શુભકામનાઓ પાઠવી હતી. અમૃત કાલ દરમિયાન શ્રી બિરલાએ બીજી વખત કાર્યભાર સંભાળ્યો એનાં મહત્ત્વ પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ એવી આશા વ્યક્ત કરી હતી કે, તેમનો પાંચ વર્ષનો અનુભવ અને તેમની સાથેનો સભ્યોનો અનુભવ આ મહત્ત્વપૂર્ણ સમયમાં પુનઃપસંદ થયેલા અધ્યક્ષને ગૃહનું માર્ગદર્શન આપવા સક્ષમ બનાવશે.

પ્રધાનમંત્રીએ અધ્યક્ષના શાંત અને નમ્રવ્યક્તિત્વ અનેતેમના હાસ્યની પ્રશંસા કરીજે તેમને ગૃહના સંચાલનમાં મદદ કરેછે. પ્રધાનમંત્રીએવિશ્વાસ વ્યક્ત કર્યોહતોકે, પુનઃપસંદકરવામાં આવેલા સ્પીકર નવીસફળતા હાંસલકરવાનું ચાલુ રાખશે. તેમણે કહ્યુંહતું કે, શ્રી બલરામ જાખડ પ્રથમ અધ્યક્ષહતા જેમણે સતત પાંચ વર્ષ પછી આ પદ પર ફરીથી આ પદ સંભાળ્યું હતું અને આજે શ્રી ઓમ બિરલાને ૧૭મી લોકસભાના સફળ સમાપન બાદ ૧૮મી લોકસભાને મોટી સફળતાઓ તરફ દોરી જવાની જવાબદારી મળીછે. તેમણે મધ્યમાં ૨૦ વર્ષના સમયગાળાના વલણ તરફ પણ ધ્યાન દોર્યું હતું જ્યારે જેઓ અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા તેઓ કાં તો ચૂંટણી લડ્યા ન હતા અથવા તેમની નિમણૂક પછી ચૂંટણીજીત્યા ન હતા, પરંતુ તે શ્રી ઓમ બિરલા છે જેમણે ફરીથી વિજયી થયા પછી અધ્યક્ષ તરીકે પાછા આવીને ઈતિહાસ રચ્યો છે. પ્રધાનમંત્રીએ એક સંસદસભ્ય તરીકે સ્પીકરની કામગીરી પર ભાર મૂક્યો હતો પ્રધાનમંત્રી મોદીએ શ્રી ઓમ બિરલાનાંમતવિસ્તારમાં સ્વસ્થ માતા અને સ્વસ્થ બાળકનાં નોંધપાત્ર અભિયાનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે શ્રી બિરલાએ તેમનાં મતવિસ્તાર કોટાનાં ગ્રામીણ વિસ્તારોમાં સ્વાસ્થ્ય સેવાઓ પહોંચાડવામાં સારી કામગીરી કરીછે એ વિશે પણ ટિપ્પણી કરી હતી. તેમણે શ્રી બિરલાનાં તેમનાં મતવિસ્તારમાં રમતગમતને પ્રોત્સાહન આપવાની પ્રશંસાપણ કરીહતી. ગતલોકસભામાટે શ્રી બિરલાના નેતૃત્વને યાદ કરીને પ્રધાનમંત્રીએ તે અવધિને આપણા સંસદીય ઈતિહાસમાં સુવર્ણ કાળનો ગણાવ્યો હતો. ૧૭મી લોકસભા દરમિયાન લેવાયેલા પરિવર્તનકારી નિર્ણયોને યાદ કરીને પ્રધાનમંત્રીએ અધ્યક્ષના નેતૃત્વની પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ નારી શક્તિ વંદન અધિનિયમ, જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન, ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, સામાજિક સુરક્ષાસંહિતા, વ્યક્તિગતડેટા સંરક્ષણ બિલ, મુસ્લિમ મહિલાવિવાહ અધિકાર સંરક્ષણ બિલ, ટ્રાન્સજેન્ડર પર્સન્સ પ્રોટેક્શનઑફ રાઈટ્સબિલ, કન્ઝ્યુમર પ્રોટેક્શન બિલ, ડાયરેક્ટટેક્સ- વિવાદથી વિશ્વાસજેવા બિલ,તમામ સીમાચિહ્નરૂપ કાયદાઓ કે જે શ્રી ઓમ બિરલાના અધ્યક્ષપદ હેઠળ પસાર કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, લોકશાહીની લાંબી યાત્રામાં વિવિધ પ્રકારનાં પડાવ જોવા મળે છે, જે નવા વિક્રમોનું સર્જન કરવાની તક પ્રદાન કરે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ભારતનીજનતા ભવિષ્યમાંપણ ૧૭મી લોકસભાની ઉપલબ્ધિઓ યાદ રાખશે. તેમણે ભારતને આધુનિક રાષ્ટ્ર બનાવવાની દિશામાં ૧૭મી લોકસભામાંથયેલા કાર્યોની પ્રશંસા કરી હતી.

તેમણે ગૃહને ખાતરી આપી હતી કે નવુંસંસદ ભવન માનનીય અધ્યક્ષાના માર્ગદર્શનહેઠળ અમૃતકાળના ભવિષ્ય માટે માર્ગ મોકળો કરશે. શ્રી મોદીએ વર્તમાન અધ્યક્ષની અધ્યક્ષતામાં નવા સંસદ ભવનનાઉદ્ઘાટનને યાદકર્યું હતું અને લોકશાહી પદ્ધતિઓના પાયાને મજબૂત કરવાની દિશામાં લેવામાં આવેલા પગલાંની પ્રશંસા પણ કરી હતી. તેમણે પેપરલેસ વર્કફ્લો અને ગૃહમાં ચર્ચાને વેગઆપવામાટે સ્પીકર દ્વારા શરૂ કરવામાં આવેલી વ્યવસ્થિત બ્રીફિંગ પ્રક્રિયાની પણપ્રશંસા કરી.

પ્રધાનમંત્રીએ જી-૨૦ દેશોની કાયદાકીય સંસ્થાઓના પ્રિસાઈડિંગ અધિકારીઓની અત્યંત સફળ પી-૨૦ કોન્ફરન્સમાટેસ્પીકરની પ્રશંસાપણ કરી હતી, જેમાં વિક્રમી સંખ્યામાં દેશોએ ભાગ લીધોહતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, સંસદ ભવન ફક્ત દીવાલો જ નથી, પણ ૧૪૦ કરોડનાગરિકોની આકાંક્ષાનું કેન્દ્ર છે. તેમણેભારપૂર્વક જણાવ્યુંહતું કે, ગૃહની કામગીરી, આચરણ અને જવાબદારી આપણા દેશમાં લોકશાહીનો પાયો વધારે ગાઢ બનાવેછે. પ્રધાનમંત્રીએ ૧૭મી લોકસભાની વિક્રમી ઉત્પાદકતાનો ઉલ્લેખ કર્યો હતો, જે ૯૭ ટકા હતી. શ્રી મોદીએકોરોના રોગચાળા દરમિયાન ગૃહના સભ્યોમાટે અધ્યક્ષના વ્યક્તિગત સ્પર્શ અને ચિંતાનો પણ ઉલ્લેખ કર્યોહતો. તેમણે શ્રી બિરલાની પ્રશંસા કરી હતી કે, મહામારી છતાં ગૃહના કામકાજને અટકાવી ન હતી અને ઉત્પાદક્તા ૧૭૦ટકા સુધી પહોંચી ગઈ. પ્રધાનમંત્રી મોદીએ ગૃહની મર્યાદા જાળવવામાં અધ્યક્ષ દ્વારા જણાવવામાં આવેલા સંતુલનની પ્રશંસા કરી હતી, જેમાં ઘણા કડક નિર્ણયો લેવાનો પણ સમાવેશ થાય છે.

તેમણે પરંપરાઓને જાળવી રાખીને ગૃહના મૂલ્યોને જાળવવાનું પસંદ કરવા બદલ અધ્યક્ષ પ્રત્યેઆભાર વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રીએ લોકોની સેવા કરીને અને તેમનાં સ્વપ્નો અને આકાંક્ષાઓને સાકાર કરીને ૧૮મી લોકસભાને સફળ બનાવવા પર અપાર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. પોતાનાં સંબોધનનું સમાપન કરતાં પ્રધાનમંત્રીએ શ્રી ઓમ બિરલાને તેમની મુખ્ય જવાબદારી માટે અને દેશને સફળતાની નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે શુભેચ્છા પાઠવી હતી.

હરિયાણાના રાજ્યપાલે પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી

કમલમ્ ન્યૂઝ,

હરિયાણાના રાજ્યપાલ શ્રી બંડારુ દત્તાત્રેયે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) એ X પર પોસ્ટ કર્યું: "હરિયાણાના રાજ્યપાલ શ્રી બંડારુ દત્તાત્રેયએ PM @narendramodi સાથે મુલાકાત કરી."

પંજાબના ગવર્નર અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંડીગઢના પ્રશાસકે પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી

કમલમ્ ન્યૂઝ,

પંજાબના રાજ્યપાલ અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંડીગઢના પ્રશાસક શ્રી બનવારીલાલ પુરોહિત આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રમોદીને મળ્યા હતા. પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) એ X પર પોસ્ટ કર્યું: "પંજાબના રાજ્યપાલ અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંડીગઢના પ્રશાસક શ્રી બનવારીલાલ પુરોહિતે પ્રધાનમંત્રી @narendramodi સાથે મુલાકાત કરી."

વનવાસી વિસ્તાર ડાંગના બીલીઆંબાથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

વિકસિત ભારતના નિર્માણના વડાપ્રધાનશ્રીના સંકલ્પમાં શિક્ષણનો મજબૂત પાયો સિંચી વિકસિત ગુજરાતથી અગ્રેસર રહેવા મુખ્યમંત્રીશ્રીનું આહવાન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વર્ગખંડમાં બાળકીઓ સાથે બેસીને વડીલ વાત્સલ્ય સહજ સંવાદ કર્યો.

-: મુખ્યમંત્રીશ્રી :-

- રાજ્ય સરકાર શાળાઓમાં ભૌતિક સુવિધાઓ આપે છે ત્યારે બાળકોના અભ્યાસનું ફોલોઅપ લેવાનું સામાજિક દાયિત્વ SMC-વાલીઓ શિક્ષકો સાથે મળીને નિભાવે.
- છેવાડાના સરહદી ગામો સહિતના બાળકોના ટેલેન્ટને યોગ્ય નિખાર આપવાની વ્યવસ્થાઓ વિકસાવી રાજ્ય સરકાર પડખે ઉભી છે.

અભ્યાસપોથી-વર્કબૂક જોઈને અભ્યાસની માહિતી મેળવી.

કમલમ્ ન્યૂઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત નિર્માણના સંકલ્પમાં શિક્ષણનો મજબૂત પાયો સિંચીને વિકસિત ગુજરાતથી અગ્રેસર રહેવાનું આહવાન કર્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, અંતરિયાળ છેવાડાના ગામ સુધી રાજ્ય સરકારે શ્રેષ્ઠ શિક્ષણ સુવિધાઓ આપી છે. વિદ્યાર્થીઓના ટેલેન્ટને યોગ્ય તક અને નિખાર આપવાની વ્યવસ્થાઓ પણ વિદ્યાર્થીઓની પડખે ઊભી રહીને સરકાર કરે છે. મુખ્યમંત્રીશ્રી ૨૧માં રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ અંતર્ગત વનવાસી ક્ષેત્ર ડાંગ જિલ્લાના સરહદી ગામ બીલીઆંબાની પ્રાથમિક શાળામાં બાળકોના નામાંકન કરાવવાના અવસરે સંબોધન કરી રહ્યા હતા. તેમણે આ ગામની બાલવાટિકા, આંગણવાડી અને પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં કુલ મળીને ૧૨૭ જેટલા બાળકોનો શાળા પ્રવેશ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ તેમના સહજ, સરળ અને નિખાલસ વ્યક્તિત્વથી સૌના દિલમાં વડીલ તરીકેનું જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તેની અનુભૂતિ શાળાના બાળકોને પણ થઈ હતી. મુખ્યમંત્રીશ્રી આ બીલીઆંબા પ્રાથમિક શાળાના વર્ગખંડમાં વિદ્યાર્થીઓ વચ્ચે પહોંચ્યા હતા અને સંવાદ સાધ્યો હતો. એટલું જ નહીં, એક વિદ્યાર્થીનીની અભ્યાસપોથી-વર્કબુક તપાસીને સવાલ-જવાબ પણ કર્યા હતા. શાળાની બાળકીઓએ મુખ્યમંત્રીશ્રીના વડીલ-વાત્સલ્ય પ્રેમને અનુભૂતિ કરતા, તેમની સાથે આત્મિયતા પૂર્વક વાતચીત કરી હતી. ધોરણ પાંચમા અભ્યાસ કરતી દ્રષ્ટિએ, મુખ્યમંત્રીશ્રીને નજીકથી જોવાનું, તેનું સ્વપ્નપૂર્ણ થયું છે તેમ જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલેપણ બાળકોનું અભિવાદન સ્નેહપૂર્વક ઝીલ્યુ હતુ. મુખ્યમંત્રીશ્રીએ શાળાપ્રવેશોત્સવ અવસરે ઉપસ્થિત ગ્રામજનોને કહ્યું કે, શાળા પ્રવેશોત્સવથી સરકાર ભૌતિક સુવિધા-સગવડો શાળાઓમાં વિકસાવે છે જ પરંતુ બાળકોના વાલી-SMC અને શિક્ષકો સૌ વડીલ તરીકે બાળકના અભ્યાસ-શિક્ષણ પ્રત્યે વધુ ધ્યાન આપી સામાજિક દાયિત્વ નિભાવે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શિક્ષકો બાળકોના અભ્યાસ, શાળામાં હાજરીની નિયમિતતા અંગે સજાગ છે અને પૂરતું ધ્યાન આપે છે ત્યારે SMC અને વાલીઓ પણ બાળકના અભ્યાસનું ફોલોઅપ, શાળામાં ખૂટતી સુવિધાઓની આપૂર્તિ વગેરે માટે સતર્ક રહે તેવો અનુરોધ તેમણે કર્યો હતો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, રાજ્ય સરકારે અંબાજી થી ઉમરગામ સુધીના સમગ્ર આદિવાસી બેલ્ટમાં સાયન્સ કોલેજ, વિજ્ઞાન પ્રવાહની શાળાઓ અને મેડિકલ કોલેજ સહિતની સુવિધાઓ આપી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ માટે અને કારકિર્દી ઘડતર માટે અનેક કલ્યાણ યોજનાઓ પણ છે તેનો લાભ લઈને વનવાસી બાળકો ઉજ્જ્વળ ભવિષ્યનું ઘડતર કરે તેવી અપીલ તેમણે કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ, સૌના પ્રયાસનો મંત્ર આપ્યો છે તેને સૌ સાથે મળીને સાકાર કરીએ અને આવનારી પેઢીને શિક્ષણ જ્ઞાનની સમૃદ્ધિથી સજ્જ કરી વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવીએ તેવું પ્રેરક માર્ગદર્શન મુખ્યમંત્રીશ્રીએ આપ્યુ હતું. તેમણે શાળાની કોમ્પ્યુટર લેબ, વર્ગખંડો, શાળા પરિસરમાં ટપક સિંચાઈથી થયેલ વૃક્ષઉછેર સહિતની સુવિધાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. બીલીઆંબા શાળા પરિસરમાં મુખ્યમંત્રીશ્રીએ લીમડાના વૃક્ષનું વાવેતર કરી સૌને પર્યાવરણ જતન સંવર્ધનનો મુક સંદેશ આપ્યો હતો. ડાંગ જિલ્લાની આ છેવાડાના ગામની શાળાના વિદ્યાર્થીઓ ભૂતકાળમાં શાળા પ્રવેશોત્સવનો લાભ મેળવી આજે ડોક્ટર, પર્વતારોહક, રમતવીર જેવા સ્થાને પહોંચ્યા છે તેની તેમણે પ્રશંસા કરી હતી. અહીંથી ભણીને કન્યા કેળવણીનો લાભ લઈ તબીબ બની ઉચ્ચ કારકિર્દી તરફ પ્રયાણ કરી રહેલી ડો.અંકિતા કુંવર, રમતગમત ક્ષેત્રે ડાંગ જિલ્લાને ગૌરવ અપાવનારા દોડવીર મુરલી ગાવિત અને પર્વતારોહક ભોવાન રાઠોડ, આઈ.આઈ.એમ.માં અભ્યાસ કરતા યુવાન અવિરાજ ચૌધરીનો મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવો દ્વારા સત્કાર કરવામાં આવ્યો હતો. નાયબ મુખ્ય દંડક અને ડાંગ જિલ્લાના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે મુખ્યમંત્રીશ્રીને આવકારતા ગ્રામજનોને જુદી-જુદી યોજનાઓનો લાભ લઈ વિકાસ સાધવાની અપીલ કરી હતી. સ્વાગત વક્તવ્યમાં કલેક્ટર શ્રી મહેશ પટેલે કાર્યક્રમની રૂપરેખાસાથે ડાંગનો ચિતાર રજૂ કર્યો હતો. ડાંગ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવના શુભારંભ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન, ભાજપા અધ્યક્ષ શ્રીકિશોરભાઈ પટેલ, સંગઠન પ્રભારી શ્રીરાજેશભાઈ દેસાઈ, પ્રદેશ આદિજાતિ મોરચાના મંત્રી શ્રી સુભાસભાઈ ગાઈન, તાલુકા/જિલ્લાના પદાધિકારીઓ, કાર્યકરો, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી જીગ્નેશ ત્રિવેદી તથા તેમની ટીમ, જિલ્લાના ઉચ્ચ વરિષ્ઠ અધિકારીઓ, વાલીઓ, બાળકો, અને પ્રવેશોત્સુક ભૂલકાંઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યૂઝ,

''ઉજવણી.. ઉલ્લાસમય શિક્ષણની''.. આ થીમ સાથે આજથી ત્રિદિવસીય રાજ્યવ્યાપી શાળાપ્રવેશોત્સવ શરૂ થયો. આ ત્રણ-દિવસીય પ્રવેશોત્સવ દરમ્યાન ૩૨ લાખથી વધુ બાળકો શાળામાં પ્રવેશ મેળવશે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ રાયસણ પ્રાથમિક શાળા, ભાટ પ્રાથમિક શાળા, તેમજ જી.ડી.એમ. અને એચ. એન. જે. કોબાવાલા હાઈસ્કુલ (કોબા) ખાતે હાજરી આપીને બાળકોને શાળાપ્રવેશ કરાવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન મેયર શ્રીએ જણાવ્યું હતું કે માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ગુજરાતમાં તેમના મુખ્યમંત્રીકાળમાં શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરાવી હતી, જેના ખૂબ ઉમદા પરિણામો આપણને મળી રહ્યા છે. વિદ્યાર્થીઓનો ડ્રોપઆઉટ રેટ નહિવત બન્યો છે, અને શિક્ષણ પ્રત્યે સમાજમાં નવી ચેતનાનો સંચાર થયો છે. મેયર શ્રી એ સૌ વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્યની અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી. શાળાપ્રવેશોત્સવ બાદ મેયર શ્રીએ છોડનું રોપણ કર્યું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ ચેરમેન શ્રી જશવંતભાઈ પટેલ, કાઉન્સિલર શ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, તેમજ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

ભારતીય સંસ્કૃતિમાં ૧૬ સંસ્કાર એ માનવ જીવનના મહત્વના સંસ્કાર છે. જેમાંનો એક મહત્વનો સંસ્કાર એટલે બાળકનું શિક્ષણ મેળવવું. પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ અનુસાર બાળક વિદ્યા કે શિક્ષણ મેળવવા માટે ઘર છોડીને ગુરૂના નિવાસસ્થાને અથવા ગુરુકુળ સંકુલમાં રહીને અભ્યાસ કરવા જતો. આ પદ્ધતિને અનુસરીને ઘર છોડ્યાવિના જ ઘરની નજીકની શાળામાં બાળકને એડમિશન મળી રહે અને ડ્રોપ આઉટ રેશિયો નહિંવત રહે, તેવા શુભાશય સાથે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલમાં દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બાળકો માટે શાળા પ્રવેશોત્સવ શરૂ કરાવ્યો હતો. સમગ્ર રાજ્યમાં પાયાનું શિક્ષણ વધુ સુદ્રઢ બને, શિક્ષણમાં ગુણાત્મક સુધારો લાવી શિક્ષિત ભાવિ પેઢીનું નિર્માણ કરી શકાય તેવા શુભ આશય સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી કાળના વર્ષ-૨૦૦૩થી શરૂ કરેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના યજ્ઞની ફલશ્રૃતિ સ્વરૂપે આંગણવાડી, બાલવાટિકા અને પ્રાથમિક શાળામાં ધોરણ-૧ માં શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪ની ઉજવણી તા. ૨૬, ૨૭, અને ૨૮ જુનના રોજ થવાની છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બાળકનો વિદ્યારંભ એ તેના જીવનનો યાદગાર ઉત્સવ બને તે વિચાર સાથે શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આજે પ્રવેશોત્સવ બાળકના ભવિષ્યના સર્વાંગી વિકાસમા શાળાના અમૂલ્ય પ્રદાનના ઝાંખી બન્યું છે. ૨૦ વર્ષે કન્યા કેળવણીના યજ્ઞનું ગુજરાતને ઉત્કૃષ્ટ પરિણામ મળ્યુ છે. આજે રાજ્ય કક્ષાએ સરેરાશ ૯૯% અને રાજકોટ જિલ્લામાં સરેરાશ ૧૦૦% કન્યાઓનું નામાંકન થાય છે. આજે ગુજરાતમાં તમામ ક્ષેત્રમાં દીકરીઓ નામના મેળવી રહી છે તે કન્યા કેળવણી મહોત્સવનું જ પરિણામ છે, તેમ કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નથી. રાજકોટ જિલ્લા પંચાયત સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓ સાથે માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા ૮૫૦ પ્રાથમિક શાળાઓ છે. જેતપુર અને ઉપલેટા નગર શિક્ષણ સમિતિ સંચાલીત ૨૧ પ્રાથમિક શાળાઓ છે. જેમાં ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ પોતાના જ વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ મેળવીને તેજસ્વી શૈક્ષણિક કારકિર્દીનો પાયો મજબુત બનાવી રહ્યા છે. પ્રવેશોત્સવના કારણે શાળાપ્રવેશ માટે બાળકોની સાથે વાલીઓ તેમજ નાગરિકોનો પણ ઉત્સાહ વધ્યો છે. ચાલુ વર્ષ ૨૦૨૪માં બાલવાટીકામાં કૂલ ૧૨૯૫૯ પ્રવેશપાત્ર બાળકો નોંધાયા છે. જેમાં ૬૬૬૮ જેટલા બાળકો અને ૬૨૯૧ જેટલી બાળકીઓનો સમાવેશ કરાયો છે. ચાલુ વર્ષ ૨૦૨૪માં રાજકોટ જિલ્લામાં ધોરણ-૧ માટે કૂલ ૩૫૯૧ પ્રવેશપાત્ર બાળકો નોંધાયા છે. જેમાં ૧૮૨૧ જેટલા બાળકો અને ૧૭૭૦ જેટલી બાળકીઓનો સમાવેશ કરાયો છે. ધોરણ-૧માં સૌથી વધારે ૨૩૫૯ એડમિશન રાજકોટ તાલુકામાં થનાર છે. જેમાં બાળકોની સંખ્યા માત્ર ૧૧૬૧ જેટલી છે જ્યારે બાળકીઓની સંખ્યા ૧૧૯૮ જેટલી છે. બાળકો કરતા બાળકીઓને સંખ્યા ૩૭ જેટલી વધારે છે, જે કન્યાકેળવણીનું જ્વલંત ઉદાહરણ છે.

ખેરવા પ્રાથમિક શાળા ખાતે મુખ્ય સચિવશ્રી રાજકુમારની અધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ યોજાયો

મુખ્ય સચિવશ્રીએ SMCના સભ્યો સાથે બેઠક કરી શાળામાં ઉપલબ્ધ વ્યવસ્થા બાબતે ચર્ચા વિચારણા કરી જરૂરી સૂચનો કર્યા

બાળકોનું શિક્ષણ સમાજના પાયાનું ઘડતર છે મુખ્ય સચિવશ્રી રાજ કુમાર

કમલમ્ ન્યુઝ,મહેસાણા

સમગ્ર રાજ્યની સાથે મહેસાણા જિલ્લામાં પણ આજે શાળાપ્રવેશોત્સવનો પ્રારંભ થયો છે. જે અંતર્ગત જિલ્લાની ખેરવા પ્રાથમિક શાળા ખાતે મુખ્ય સચિવશ્રી રાજકુમારની અધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે મુખ્ય સચિવશ્રીએ આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧ ના બાળકોને પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય સચિવશ્રીએ નાના ભૂલકાઓને શાળામાં આવકારતા જણાવ્યું હતુંકે, આજે જે ઉત્સાહથી બાળકોએ શાળામાં પ્રવેશ મેળવ્યો છે. તે ઉત્સાહથી જ આ બાળકો નિયમિત શાળામાં આવી જ રીતે અભ્યાસ કરવા આવે અને બાળકોને શિક્ષણ પ્રત્યે માન, સન્માન અને આગળ વધવાની ભાવના કેળવાય તે માટે આવા શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, બાળકોનું શિક્ષણ સમાજના પાયાનું ઘડતર છે. ખેરવા પ્રાથમિક શાળાએ ગત વર્ષે ૭૫ વર્ષ પૂર્ણ કર્યા તેની ઉજવણી કરી હતી. આ ઉજવણીમાં ગામ લોકોએ સહભાગીતા દાખવી હતી. જે ગામ લોકોની શિક્ષણ પ્રત્યેની ઊંચી લાગણી દર્શાવે છે. રાજ્ય સરકારની મહત્વની યોજના 'નમોલક્ષ્મી' અને 'નમો સરસ્વતી' યોજના વિશે જાણકારી આપતા મુખ્ય સચિવશ્રીએ જણાવ્યું હતું કે, ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને ચાર વર્ષમાં રૂપિયા ૫૦,૦૦૦ ની આર્થિક સહાય આપવાની 'નમો લક્ષ્મી યોજના' અને ધોરણ ૧૧, ૧૨ માં સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને બે વર્ષમાં ?૨૫,૦૦૦ આર્થિક સહાય આપવાની 'નમો સરસ્વતી યોજના' શરૂ કરવામાં આવી છે. આ યોજના થકી કન્યા કેળવણી અને વિજ્ઞાન પ્રવાહને પ્રોત્સાહન મળશે. વધુમાં મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યું હતુ કે બાળકોમાં મોબાઈલનુ દૂષણ અટકાવવા માટે તેમની રમત ગમત પ્રત્યે રુચિ કેળવાય તેવા પ્રયાસો કરવા જોઈએ અને બાળકોમાં શિક્ષણનું સ્તર સુધારવા માટે બાળકમાં વાંચનની ટેવ વિકસાય તે જરૂરી છે. શાળાની લાઈબ્રેરીમાંથી બાળકો મહાપુરુષોના જીવન ચરિત્રના પુસ્તકો વાંચીને પ્રેરણા મેળવે તેવા પ્રયાસો કરવા પણ શિક્ષકોને જણાવ્યું હતું. આ તકે મુખ્ય સચિવશ્રીએ SMC ના સભ્યો સાથે બેઠક કરી શાળામાં ઉપલબ્ધ વ્યવસ્થા, શાળામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની નિયમિતતા બાબતે ચર્ચા વિચારણા કરી જરૂરી સૂચનો કર્યા હતા. આ ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણની ગુણવત્તા ચકાસી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ખેરવા પ્રાથમિક કુમાર શાળામાં ધોરણ ૧ માં ૩૬ બાળકો અને બાલવાટિકામાં ૩૯ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. તેમજ ખેરવા પ્રાથમિક કન્યા શાળામાં ધોરણ ૧ માં ૩૬ અને બાલવાટિકામાં ૩૫ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. કાર્યક્રમ બાદ મુખ્ય સચિવશ્રી સહિતના મહાનુભાવોએ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યુ હતું. આ પ્રસંગે પ્રાંત અધિકારીશ્રી ઋતુરાજસિંહ જાદવ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી બિરેન પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી શરદ ત્રિવેદી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ શાળાના શિક્ષકો સહિત વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણની ગુણવત્તા ચકાસતા મુખ્ય સચિવશ્રી રાજ કુમાર

કમલમ્ ન્યુઝ,

ઝગડિયા વિધાનસભાના ઝગડિયા તાલુકાની સીમધરા પ્રાથમિક શાળાથી 'શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪'નો શુભારંભ ઝગડિયા વિધાનસભાના ધારાસભ્ય રિતેશભાઈ વસાવા દ્વારા કરવામાં આવ્યો શુભપ્રસંગે મારી સાથે ગામનાં સરપંચશ્રી આગેવાનો ભાઈઓ બેહેનો વડીલો યુવાનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહીને નાનાંભૂલકાંઓને શાળામાં પ્રવેશ કરાવ્યો.

હરિયાણાના રાજ્યપાલશ્રી બંડારૂ દત્તાત્રેય દ્વારા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત કરી સરદાર સાહેબને ભાવાંજલી અર્પી

રાજ્યપાલશ્રીને સ્ટેચ્યુ ઓફ યુનિટીના અધિક કલેક્ટર તેમજ જિલ્લા વહીવટી તંત્ર વતી મદદનીશ કલેક્ટરએ કોફીટેબલ બુક અને સ્મૃતિરૂપે સરદાર સાહેબની પ્રતિકૃતિ અર્પણ કરી



જંગલ સફારીપાર્ક આરોગ્યવન સહિતના વિવિધ પ્રકલ્પોને પ્રત્યક્ષ નિહાળી પ્રવાસનકેન્દ્ર એકતા નગરની પ્રશંસા કરી

કમલમ્ ન્યુઝ,શૈશવ રાવ

હરિયાણાના રાજયપાલ બંડારૂ દત્તાત્રેય દ્વારા ગુજરાત પ્રવાસ દરમિયાન નર્મદા જિલ્લાની મુલાકાતે પધાર્યા હતા. એકતા નગર સ્થિત સરદાર સાહેબની વિશ્વની સૌથી વિરાટ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળીને ગર્વ અનુભવી સરદાર સાહેબને ભાવાંજલી અર્પી હતી. રાજયપાલશ્રીએ પ્રથમ દિવસે સરદાર સાહેબના જીવન કવનને દર્શાવતા લેશર શો નિહાળ્યો હતો. બીજા દિવસે સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે અન્ય પ્રકલ્પો નિહાળી આનંદની અનુભૂતિ સાથે એકતા નગરના શ્રેષ્ઠ પ્રવાસન સ્થળોની પ્રસંશા કરી હતી. આંતરરાષ્ટ્રીય પ્રવાસનના કેન્દ્રબિંદુ તરીકે ઉભરી આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં પ્રદર્શન કક્ષ સહિત સરદાર સાહેબના જીવન-કવનની તસવીરી ઝલક રાજયપાલએ નજરે નિહાળી હતી. આ મુલાકાત દરમિયાન ગાઈડ શ્રી ઝુબિન ગમીર દ્વારા રાજયપાલને સ્ટેચ્યુ ઓફ યુનિટીના સમગ્ર નિર્માણ અને પ્રોજેક્ટની વિશેષતા વિશે ઝીણવટભરી માહિતીથી વાકેફ કર્યા હતા. મુલાકાતબાદ સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળના અધિક કલેક્ટર ગોપાલ બામણીયા અને નારાયણ માધુ, જિલ્લા વહીવટી તંત્ર તરફથી મદદનીશ કલેક્ટર સુશ્રી મુસ્કાન ડાંગરે રાજયપાલને સ્મૃતિરૂપે સરદાર સાહેબની પ્રતિકૃતિ અને કોફીટેબલ બુક અર્પણ કર્યા હતા. એકતાનગર ખાતે આવેલા વિવિધ પ્રકલ્પો પૈકી જંગલ સફારી પાર્ક અને આરોગ્ય વનની પણ રાજયપાલએ મુલાકાત લઈ ગાઈડ પાસેથી ઝીણવટપૂર્ણ માહિતી મેળવી હતી. રાજયપાલની આ મુલાકાત દરમિયાન તેઓની સાથે જિલ્લા વહીવટી તંત્રના નાયબ કલેક્ટર પ્રોટોકોલ શ્રી એન.એફ.વસાવા, સ્ટેચ્યુ ઓફ યુનિટીના નાયબ કલેક્ટર અભિષેક સિન્હા, નાંદોદના પ્રાંત અધિકારી ડૉ. કિશનદાન ગઢવી, નાયબ પોલીસ અકધિક્ષક પી.આર.પટેલ જોડાયા હતા.

મહીસાગર જિલ્લા કલેક્ટર શ્રીમતી નેહા કુમારીએ પીએમશ્રી માખલિયા પ્રાથમિક શાળા ખાતેથી ભૂલકાઓને શાળા પ્રવેશ કરાવ્યો

કલેક્ટરશ્રીના વરદ હસ્તે બાળકોને તિલક કરી કીટ આપી ઉત્સાહ સાથે આવકારવામાં આવ્યા

કમલમ્ ન્યુઝ,મહીસાગર

કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪નો શુભારંભ થયો છે. આ પ્રસંગે મહીસાગર જિલ્લાકલેક્ટર શ્રીમતી નેહા કુમારીએ લુણાવાડા તાલુકાના પીએમશ્રી માખલિયા પ્રાથમિક શાળા ખાતેથી ભૂલકાઓને શાળા પ્રવેશ કરાવ્યો હતો. શાળા પ્રવેશોત્સવના શુભારંભ પ્રસંગે કલેક્ટર શ્રીમતી નેહા કુમારીએ શાળામાં પ્રવેશ મેળવનાર બાળકોને ઉજ્જ્વળ ભવિષ્યની તેમના જીવન ઘડતરની શરૂઆતની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે, બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળે તે ખૂબ જ જરૂરી છે અને એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. શિક્ષણ એ ઉજ્જ્વળ ભવિષ્યના દ્વાર ખોલવાની અમૂલ્ય ચાવી છે જેના થકી આકાશમાં ઊંચી ઉડાન પણ ભરી શકે છે. શિક્ષણ એ જીવનનો મહત્વપૂર્ણ હિસ્સો છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ થકી શાળાઓમાં બાળકોનું સો ટકા નામાંકન થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વધુમાં કલેક્ટરશ્રી જે બાળકોએ આજે પ્રવેશ મેળવ્યો તે બાળકોને જીવનમાં ભણી ગણી ખૂબ આગળ વધે અને માંબાપ અને ગામનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ આપી આ પ્રસંગે મહાનુભાવોના વરદ હસ્તે કીટ આપી ઉત્સાહ સાથે બાળકોને આવકારવામાં આવ્યા હતા. શાળાપ્રવેશોત્સવ દરમિયાન કલેક્ટરશ્રી દ્વારા શાળામાં ભણતા વિદ્યાર્થી જે જેઓ પેહલા નંબર લાવ્યા હોય તેમને નોટબુક આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શાળાપ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા કલેકટરશ્રીએ એસ.એમ.સીના સભ્યો સાથે બેઠક કરી કામગીરી બાબતે સમીક્ષા કરી હતી. કલેકટર શ્રીમતી નેહા કુમારીના હસ્તે મહીસાગર જ્ઞાનગંગા પ્રકલ્પ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. શાળા પ્રવેશોત્સવ દરમિયાન પીએમશ્રી માખલિયા પ્રાથમિક શાળામાં બાલવાટિકામાં -૨૮ બાળકો અને ધો-૧માં -૨૪ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. આ પ્રસંગે ગામના સરપંચશ્રી, એસ એમ સી સભ્ય, શાળાના આચાર્ય શ્રી, શિક્ષકો, ગ્રામજનો અને મોટી સંખ્યામાં ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા

પ્રવેશોત્સવને પગલે ડ્રોપ આઉટ રેશીયો ઘટ્યો અને બાળકોનું ૯૯ થી ૧૦૦ ટકા નામાંકન થઈ રહ્યું છે: મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

વિવિધ પરીક્ષા, ખેલમહાકુંભમાં ઉત્કૃષ્ટ સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓ અને પોતાના ક્ષેત્રમાં સિધ્ધિ મેળવનાર શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ દાતાઓનું સન્માન પણ કરાયું

કમલમ્ ન્યુઝ,વલસાડ

સમગ્ર રાજ્યની સાથે વલસાડ જિલ્લામાં પણ "ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની" ટેગલાઈન સાથે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ - ૨૦૨૪નો મહાઉત્સવની જેમ ઉજવણીનો શુભારંભ થયો છે. રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે વાપી તાલુકાના કોપરલી ગામની મુખ્ય શાળા, રાતા ગામની પટેલ ફળિયા પ્રાથમિક શાળા અને સલવાવની મુખ્ય શાળામાં બાળકોને ઉલ્લાસભેર કુમકુમ તિલક કરી અને શૈક્ષણિક કીટ ભેટ આપી વ્હાલ સાથે શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે પ્રાથમિક શિક્ષણમાં ૧૦૦ ટકા નામાંકન અને કન્યા કેળવણીના ધ્યેયને સિધ્ધ કરવા માટે શાળા પ્રવેશોત્સવનો પરિણામલક્ષી કાર્યક્રમ શરૂ કરાવ્યો હતો. જે નિરંતર ચાલી રહ્યો છે. રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે વાપી તાલુકાના કોપરલી ગામની મુખ્ય પ્રાથમિક શાળામાં બાલવાટીકામાં ૧૬, ધો. ૨ થી ૮માં ૩ અને ધો. ૬માં ૨૪ વિદ્યાર્થી, રાતા ગામની પટેલ ફળિયા પ્રાથમિક શાળામાં ધો. ૧ માં ૪, બાલવાટીકામાં ૧૫ અને આંગણવાડીમાં ૩ વિદ્યાર્થી જયારે સલવાવ ગામની શાળામાં મુખ્ય શાળામાં બાલવાટીકામાં ૯ મળી કુલ ૭૪ વિદ્યાર્થીઓને ઢોલ નગારા સાથે વાજતે ગાજતે પ્રવેશ કરાવવામાં આવ્યો હતો જેને પગલે શાળા પ્રવેશોત્સવ એ માત્ર શાળાનો જ નહી પરંતુ સમગ્ર ગામનો ઉત્સવ બની ગયો હતો. વાપીના કોપરલી ખાતે રૂ. ૧.૨૦ કરોડના ખર્ચે તૈયાર થયેલી કોપરલી મુખ્ય શાળાના મકાનની તકતીનું અનાવરણ પણ મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, કચ્છમાં ભૂકંપ બાદ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ સુકાન સંભાળ્યા બાદ ગુજરાતમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે વાલીઓને કહ્યું હતું કે, મને તમારા બાળકો ભિક્ષામાં આપો, મારે તેમને ભણાવવા છે. ત્યારબાદ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણીનો પ્રારંભ કરાયો હતો જેને પગલે ડ્રોપઆઉટ રેશીયો ઘટ્યો છે અને બાળકોનું ૯૯ થી ૧૦૦ ટકા નામાંકન થઈ રહ્યું છે. સમગ્ર દેશમાં ગુજરાત જ એક માત્ર એવુ રાજ્ય છે કે, જ્યાં શાળા પ્રવેશોત્સવ ઉજવાય છે. તેમણે બેટી બચાવો, બેટી પઢાઓ અને પર્યાવરણના જતન માટે વૃક્ષારોપણની પહેલ કરી હતી. કોરોનાકાળમાં પણ ગ્રામ્ય વિસ્તારો વૃક્ષઆચ્છાદિત હોવાથી કોરોનાની અસર ઓછી જોવા મળી હતી. આજે ગામમાં પ્રવેશોત્સવ ઉજવાય રહ્યો છે ત્યારે મોટી સંખ્યામાં ગ્રામજનોની હાજરી જોવા મળી રહી છે જેના પરથી જણાય છે કે, ગુજરાતનું ભાવિ ઉજ્જ્વળ છે. દીકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવે તે માટે વડાપ્રધાનશ્રી દ્વારા સ્કોલરશીપને લગતી અનેક નવી યોજનાઓ અમલમાં મુકાઈ છે. આ યોજનાઓનો લાભ વિદ્યાર્થીઓને મળે તે માટે વાલીઓએ જાગૃત રહેવાની જરૂર છે. આજે અનેક બાળકોએ પાણીનું મહત્વ, કન્યા શિક્ષણ, વૃક્ષારોપણ અને સ્વચ્છતાના મહત્વ વિશે પોતાના સુંદર વિચારો રજૂ કર્યા તે બદલ અભિનંદન પાઠવું છું. ગુજરાત દેશમાં નંબર વન છે પરંતુ હજુ આગળ જવાનો પ્રયાસ ચાલુ રહેવો જોઈએ. મંત્રીશ્રીના હસ્તે ત્રણેય શાળાઓના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કોપરલી, રાતા અને સલવાવની શાળાઓમાં સીઈટી, એનએમએમએસ, જ્ઞાન સાધના પરીક્ષા અને ખેલમહાકુંભમાં ઉત્કૃષ્ટ સિધ્ધિ મેળવનાર તેમજ શાળામાં ૧૦૦ ટકા હાજરી આપનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ સિવાય શાળામાં ભણેલા અને વયોવૃધ્ધ અને પોતાના ક્ષેત્રમાં પ્રગતિ મેળવનાર અને શાળામાં દાન કરનાર દાતાઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ત્રણેય સ્કૂલમાં મંત્રીશ્રીએ શાળાના વર્ગખંડો, મધ્યાહન ભોજન યોજનાના શેડ, કમ્પ્યુટર લેબ, વિદ્યાર્થીઓની ઉત્તરવહી અને પરિણામની ચકાસણી કરી હતી. ત્યારબાદ ત્રણેય સ્કૂલમાં શાળા મેનેજમેન્ટ કમિટી સાથે બેઠકો યોજી શાળાના વિકાસ માટે તેમજ વિદ્યાર્થીઓને સુદઢ અને અવિરત શિક્ષણ મળી રહે તે માટે સૂચનો મેળવ્યા હતા. આ ઉજવણી પ્રસંગે જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ મિતેશ પટેલ, વાપી તાલુકા ભાજપના પ્રમુખ સુરેશભાઈ પટેલ, તાલુકા પંચાયતના સભ્ય મનોજભાઈ માહ્યાવંશી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મીનાબેન પટેલ, બીઆરસી કો-ઓર્ડિનેટર અશ્વિન ગુપ્તા, સીઆરસી કો-ઓર્ડિનેટર રાધિકા પટેલ, કોપરલી ગામના સરપંચ ઉષાબેન હળપતિ અને શાળાના આચાર્ય ધર્મેશભાઈ જે.પટેલ, રાતા ગામના સરપંચ અને શાળાના આચાર્યા સંસ્કૃતિબેન ટંડેલ, સલવાવ ગામના સરપંચ સંજય ભાઈ પટેલ અને શાળાના આચાર્ય દિક્ષિતભાઈ ટંડેલ, ત્રણેય શાળાના શિક્ષકશ્રીઓ, બાળકો, ઉપસરપંચશ્રીઓ, એસ.એમ.સીના સભ્યો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતુ.

શાળામાં આજે પ્રવેશ લઈ રહેલા બાળકો આવતીકાલના ભારતનું ભવિષ્ય છે- પ્રભારી સચિવશ્રી હર્ષદ પટેલ

માતાના મઢ ખાતે શાળા પ્રવેશોત્સવનો શુભારંભ કરાવતા આરોગ્ય કમિશનર અને કચ્છ જિલ્લા પ્રભારી સચિવશ્રી હર્ષદ પટેલ



શિક્ષણની યાત્રામાં પગરવ માંડતા ૪૩ ભૂલકાઓને સ્નેહભેર પ્રવેશ અપાવતા કચ્છ પ્રભારી સચિવશ્રી હર્ષદ પટેલ

કમલમ્ ન્યુઝ,ભુજ

કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં આજથી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ -૨૦૨૪નો પ્રારંભ થયો છે ત્યારે કચ્છના લખપત તાલુકાના માતાના મઢ પ્રાથમિક શાળા ખાતે પ્રભારી સચિવશ્રી અને આરોગ્ય કમિશનરશ્રી હર્ષદ પટેલે ભૂલકાઓને શાળામાં પ્રવેશ અપાવીને શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. પ્રભારી સચિવશ્રી હર્ષદ પટેલ સહિત મહાનુભાવોએ દીપપ્રાગટ્ય કરીને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને ખુલ્લો મુકચો હતો. શિક્ષણની યાત્રામાં પગરવ માંડતા ભૂલકાઓને શૈક્ષણિક કીટ તેમજ સ્નેહભેર આવકાર આપીને પ્રભારી સચિવશ્રીએ શાળામાં પ્રવેશ અપાવ્યો હતો. બાલવાટિકામાં ૩૭ અને ધો.૦૧ માં ૦૬ બાળકો એમ કુલ ૪૩ બાળકોને પ્રભારી સચિવશ્રીએ પ્રવેશ અપાવ્યો હતો. આ પ્રસંગે પ્રભારી સચિવશ્રીએ જણાવ્યું હતુંકે, શાળાકીય શિક્ષણ અને કેળવણીમાં ગુજરાત સરકારના શાળાપ્રવેશોત્સવ કાર્યક્રમે મહત્વનો ભાગ ભજવ્યો છે. સરકારના પ્રયાસોથી કન્યાઓની ભાગીદારી શિક્ષણના ક્ષેત્રમાં સતત વધી રહી છે. આજના બાળકોને આવતીકાલ ના ભારતનું ભવિષ્ય ગણાવીને પ્રભારી સચિવશ્રીએ ઉમેર્યુ કે, બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળે તે ખૂબ જ જરૂરી છે અને એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. માતાના મઢ પ્રાથમિક શાળામાં સરકારશ્રીની સાથે જીએમડીસી, આશાપુરા ફાઉન્ડેશન અને માતાના મઢ જાગીર ટ્રસ્ટના શૈક્ષણિક અનુદાન માટે પ્રભારી સચિવશ્રીએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. માતાના મઢ ગ્રામ પંચાયત અને એસ.એમ.સી કમિટી દ્વારા પ્રભારી સચિવશ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓનુ સન્માન કરીને પ્રભારી સચિવશ્રીએ જીવનમાં ખૂબ પ્રગતિ કરો તેમ શુભેચ્છાઓ પાઠવી હતી. શાળા પ્રવેશોત્સવ બાદ પ્રભારી સચિવશ્રીએ એસ.એમ.સીની બેઠકમાં હાજરી આપીને સ્કૂલમાં જરૂરી તમામ સુવિધાઓ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સહિતની વિગતો મેળવીને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે લખપત તાલુકા પંચાયત પ્રમુખશ્રી જશુભા જાડેજા, નાયબ માહિતી નિયામક મિતેષ મોડાસિયા, આર.સી.એચ.ઓશ્રી જે.એ.ખત્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સામંતભાઈ વસરા, બી.આર.સી કોર્ડિનેટર શ્રી જે.ડી. મહેશ્વરી, આશાપુરા ફાઉન્ડેશનના પ્રતિનિધિશ્રી પ્રીતિબેન જાડેજા, શાળાના આચાર્ય શ્રી જયપાલભાઈ ભારમલ, શ્રી અરવિંદભાઈ શાહ સહિત ગ્રામજનો, શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

ગરૂડેશ્વર તાલુકાની શાળાઓમાં ભુલકાઓને વિદ્યારંભ કરાવતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા

ગરૂડેશ્વરની એકતાનગર સ્થિત વીર ભગતસિંહ પ્રાથમિક શાળા નંબર-૧, વીર સુખદેવ શાળા નંબર-૨ અને માધ્યમિક શાળા એકતાનગર તથા શ્રી સ્વામી નારાયણ માધ્યમિક શાળાઓમાં સહભાગી થતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા

કમલમ્-ન્યુઝ,શૈશવ રાવ

સમગ્ર ગુજરાતની સાથે નર્મદા જિલ્લામાંપણ ત્રિ- દિવસીય પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થયોછે. પ્રથમ દિવસે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રીશ્રીમતી ભાનુબેન બાબરિયા ગરૂડેશ્વર તાલુકાની શાળાઓમાં પહોંચ્યા હતાં. ભુલકાઓનું વિદ્યામંદિર માં નામાંકન કરાવ્યું હતું. તેઓ એકતાનગર સ્થિતવીર ભગતસિંહ પ્રાથમિક શાળા નંબર-૧, વીર સુખદેવ શાળા નંબર-૨ અને માધ્યમિક શાળા એકતાનગર તથા સ્વામી નારાયણ માધ્યમિક શાળા ખાતેના કાર્યક્રમમાંસહભાગી થયા હતાં. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્રીમતી શ્વેતા તેવતિયા, આઈસીડીએસ મદદનીશ નિયામક શ્રીમતી અલ્પાબેન સોલંકી, પ્રદેશ અધ્યક્ષ શ્રીમતી રંજનબેન ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નિશાંત દવે, આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસર શ્રીમતીકિન્નાબેન પટેલપણ હિંડોળ હાજરી નાંધાવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યાહતાં. મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અનેવર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩થી શાળા પ્રવેશોત્સવના શુભારંભ કરાવ્યો હતો. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન અને મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળ રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવની નર્મદા જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં પણ આ વર્ષે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જેનો મુખ્ય ઉદ્દેશ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે અને બાળકોની કામનામાં વધારો થાય. વધુમાં જણાવ્યું કે, બાળકોનાં ડ્રોપ આઉટ રેશિયામાં ઉત્તરોત્તર ઘટાડોનોંધાયો છે. અને બાળકોનુ શાળામાં હવે સો ટકા નામાંકનની સિદ્ધિહાંસલ કરવામાં આપણને સફળતા મળી છે. એક પણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહી જાય તેની રાજ્ય સરકારે પુરતી કાળજી લીધી છે. નમદા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૪ સમગ્ર રાજ્ય સહિત નર્મદા જિલ્લામાં ઢોલ-નગારા સાથે વાજતે-ગાજતે વિદ્યાર્થીઓને શાળાઓમાં પ્રવેશ કરાવાયો છે. આ વેળાએ મંત્રીએ જણાવ્યું કે, બાળકોભણી- ગણીને આગળ વધે અને પોતાના સ્વપ્નને સાકાર કરે એવી શુભેચ્છા પાઠવી પ્રોત્સાહિત કર્યા હતાં. શાળા પ્રવેશોત્સવ-કન્યાની સાથે કેળવણી મહોત્સવ અંતર્ગત દીકરીઓ પણ ભણતરમાંઆગળવધે.જેના માટે સરકાર દ્વારા સમર સ હોસ્ટેલ, સ્કોલરશીપ, સાયકલસહિત વિવિધ શિક્ષણની સહાય જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ત્યારે કોઈ પણ મતભેદ વગર દીકરીને ભણાવે એવો મંત્રીએ વાલીઓને અનુરોધ કર્યો હતો. ગરૂડેશ્વર તાલુકાના એકતાનગર સ્થિત વીર ભગતસિંહ પ્રાથમિક શાળા નંબર-૧ માં આંગણવાડીમાં કુલ ૦૬, બાલવાટિકામાં પ્રવેશપાત્ર બાળકો કુલ૦૫અને વીર સુખદેવ શાળા નંબર-૨ માં આંગણવાડીમાં કુલ ૦૬,બાલવાટિકામાંપ્રવેશપાત્ર બાળકો કુલ ૨૪ અને ધો. ૦૧ માં પ્રવેશપાત્ર બાળકો કુલ ૬૫, માધ્યમિક શાળા એકતાનગરના ધો. ૯ માં કુલ ૨૩ અને ધો. ૧૧ માં કુલ ૫૨ તેમજ શ્રી સ્વામી નારાયણ માધ્યમિકશાળામાં ફ્રેડી-૧ આંગણવાડીના કુલ ૭ ભૂલકાઓને અને ધો. ૦૯ માં કુલ ૮૮ અને ધો. ૧૧ માં કુલ ૨૫ વિદ્યાર્થીઓનું નામાંકન કરાવાયું હતું. મંત્રીશ્રીનાહસ્તે આંગણવાડી, બાલવાટિકાનાં ભુલકાઓને શાળામાં પ્રવેશ અપાવીને શૈક્ષણિક કીટ, ફ્રુટનરભેટ સ્વરૂપેઆપી હતી. જ્યારે ધો. ૦૯ અને ૧૧ નાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો મંત્રીના હસ્તે આપવામાં આવ્યા હતા. શાળામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન સિદ્ધિ હાંસલ કરનારે અને રમત-ગમતમાં આગળ આવનાર બાળકોને સન્માનિત કર્યા હતા. મંત્રીએ શાળા વ્યવસ્થાપન સમિતિ સાથે બેઠકકરીચર્ચાકરીને ગુણવત્તાલક્ષી શિક્ષણ, ટેકનોલોજીના માધ્યમથી મળે શાળામાં ભૌતિક સુવિધાઓ, બાળકોના અભ્યાસનું વર્ગખંડનું નિરિક્ષણ સહિતની બાબતો અંગે વિશેષ પ્રાધાન્ય આપી રચનાત્મક સૂચનો કર્યા હતા બાદમાં શાળાઓનું જાત નિરીક્ષણ કર્યું હતું. સ્વામી નારાયણ હાઈસ્કુલના આચાર્યશ્રીએ 'નમોલક્ષ્મીયોજના' અને 'નમો સરસ્વતીયોજના' અંગે વિદ્યાર્થીઓ સહિત વાલીઓને માહિતી આપી હતી. નશા મુક્ત ભારત દિવસ અંતર્ગત ઉપસ્થિત સૌએ શપથગ્રહણ કર્યાહતાં. અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૨૬ મી જૂનના રોજ અંદાજિત નર્મદા જિલ્લાનાં પાંચે તાલુકાઓ પૈકી નાંદોદમાંકુલ ૫૧, ગરૂડેશ્વરમાંકુલ ૪૪, તિલકવાડામાં કુલ ૩૭, દેડિયાપાડામાં કુલ ૮૧ અને સાગબારામાં કુલ ૩૯ શાળાઓમાં ભુલકાંઓ, વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના અધિકારીઓ/ પદાધિકારીઓના હસ્તે પ્રવેશ કરાવ્યો છે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહેમાનો દ્વારા શાળાના કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ વેળાએ જિલ્લાના અધિકારીઓ અને તાલુકા પંચાયતના પ્રમુખ-ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, શાળાના આચાર્ય-શિક્ષકગણ, આંગણવાડી કાર્યકરો, ગ્રામજનો સહિત શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગણપત યુનિવર્સિટી ખાતે રક્ષાશક્તિ સ્કૂલ અને જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સિલન્સની મુખ્ય સચિવશ્રી રાજકુમારે મુલાકાત લીધી

૨૧મી સદીનું ભારત રક્ષા શક્તિ અને જ્ઞાન શક્તિના વિદ્યાર્થીઓમાં દેખાય છે -મુખ્ય સચિવશ્રી રાજ કુમાર

દરેક ક્ષેત્રે ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ રાજ્ય અને દેશનું નામ રોશન કરે તેવી આશા વ્યક્ત કરતા મુખ્ય સચિવશ્રી રાજ કુમાર

કમલમ્-ન્યુઝ,મહેસાણા

મહેસાણા જિલ્લાના ખેરવા ગણપત યુનિવર્સિટી ખાતે રક્ષાશક્તિ સ્કૂલ અને જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સિલન્સની મુખ્ય સચિવશ્રી રાજકુમારે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન જિલ્લા કલેકટર રશ્મી એમ નાગરાજન ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય સચિવશ્રીએ રક્ષા શક્તિ અને જ્ઞાન શક્તિ સ્કૂલના વિવિધ વિભાગોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે મુખ્ય સચિવશ્રીએ જણાવ્યું હતું કે, આજથી રાજ્યમાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થયો છે. આ વર્ષે ૨૧મા શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં દરેક બાળકોનું ૧૦૦ ટકા નામાંકન થઈ રહ્યું છે.

વધુમાંતેમણે જણાવ્યું હતું કે આજે સરકારી શાળામાં દરેક પ્રકારની સુવિધાઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી રહી છે. દરેક શાળામાં સ્માર્ટ ક્લાસરૂમ જોવા મળી રહ્યા છે માટે સરકાર સાથે જો તમોસમાજનો સહકાર મળે તો શિક્ષણના આ કાર્યને વધુ વેગ મળશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ૨૧મી સદીનું ભારત રક્ષા શક્તિ અને જ્ઞાન શક્તિના વિદ્યાર્થીઓમાં દેખાય છે.આ વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યનો લાભ રાજ્ય અને દેશને મળશે.

ગણપત યુનિવર્સિટી સમાજ માટે ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરી રહી છે. અહીંના વિદ્યાર્થીઓ રમત રમત પ્રત્યે ખૂબ આગળ છે. તેવી જ રીતે દરેક ક્ષેત્રે ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ રાજ્ય અને દેશનું નામ રોશન કરે તેવી મુખ્ય સચિવેઆશા પણ વ્યક્ત કરી હતી. આ તકે મુખ્ય સચિવ શ્રી સહિતના મહાનુભાવોનાહસ્તે રક્ષા શક્તિ અને જ્ઞાન શક્તિ સ્કૂલના તેજસ્વી વિદ્યાર્થીઓને શીલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ મુખ્ય સચિવ શ્રી સહિતના મહાનુભવો વૃક્ષા રોપણ કર્યું હતું

આ પ્રસંગે ગણપત યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર મહેન્દ્ર શર્મા, પ્રાંત અધિકારીશ્રી ઋતુરાજસિંહ જાદવ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી બિરેન પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી શરદ ત્રિવેદી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

માણસા તાલુકાના દેલવાડા પ્રાથમિક શાળા ખાતે બાળકોને શાળા પ્રવેશોત્સવ કરાવતા માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ

ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની, ઉજવણી ઉજ્જ્વળ ભવિષ્યની: શ્રી જે.એસ.પટેલ

કમલમ્-ન્યુઝ,માણસા

માણસા જિલ્લા આજથી કન્યાકેળવણી મહોત્સવઅને શાળા પ્રવેશોત્સવ શુભારંભ કરવામાં આવ્યો છે, ત્યારે આજે માણસા તાલુકાના દેલવાડા પ્રાથમિક શાળા ખાતેબાળકોનું શૈક્ષણિક ભાવી વધુ ઉજ્જ્વળ બનાવવા અને કન્યા શિક્ષણને વધુ પ્રોત્સાહિતકરવા માટે આયોજિત 'શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૪' અંતર્ગત કાર્યક્રમમા માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે.એસ. પટેલ દ્વારા ગામની પ્રાથમિક શાળાઓમાં નાના નાના ભૂલકાઓને પ્રવેશ અપાવવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, શિક્ષણની યાત્રામાં પગરવ માંડતા ભૂલકાઓને શૈક્ષણિક કીટ તેમજ સ્નેહભેર આવકાર આપીને માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે.એસ. પટેલએ શાળામાં પ્રવેશ અપાવ્યોહતો.

તકાલીન મુખ્યમંત્રી અને વર્તમાનના દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નાના ભૂલકાઓના ઉજ્જ્વળભાવિનોઉત્સવેબન્યો છે. આ પ્રસંગે માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે.એસ. પટેલએ જણાવ્યુંહતું કે, ભણતરનું મહત્વ વધે તેમજ બાળકોને ભણવાની પ્રેરણા મળે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. શિક્ષણ જીવનમાં શુંપરિવર્તન લાવી શકે તેના તોઅનેક ઉદાહરણો છે. આજે આ કાર્યક્રમના કારણે શિક્ષણમાંપરિવર્તન આવીરહ્યું છે. અનેક બાળકો ખાનગી શાળાઓમાંથી સરકારી શાળાઓમાંથી પ્રવેશ મેળવી રહ્યા છે. શિક્ષણનું સ્તર સુધારવા માટે વાલી અને શિક્ષકો બંનેની મહત્વની ભૂમિકા છે. ઉપરાંતતેમણે જણાવ્યું હતું કે,લક્ષ્ય વિનાનું જીવન નકામું છે જેથી બાળકોના લક્ષ નિર્ધારિત કરવામાટે વાલીઅને શિક્ષકો મદદ કરે તેજરૂરીછે.

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકામાં શાળા પ્રવેશોત્સવની પ્રથમ દિવસે "ઉજ્વણી ઉલ્લાસમય શિક્ષણની"

શિક્ષકો અને વિદ્યાર્થીઓને ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો અનુરોધ કરતા માહિતી નિયામકશ્રી કે. એલ.બચાણી

માહિતી નિયામકશ્રી અને મહાનુભાવોના વરદ હસ્તે બાળકોને કીટ આપી ઉત્સાહ સાથે આવકારવામાં આવ્યા

કમલમ્-ન્યુઝ,

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ડાવોલ અને ડાલીસણા ગામે ૨૧ મી શ્રુંખલાના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં માહિતી નિયામકશ્રી કે.એલ બચાણીએ જણાવ્યું હતું કે, ભારત વિકસીત રાષ્ટ્ર બને તે દિશામાં પ્રધાનમંત્રીશ્રીએ આપેલ ચાર બાબતો ગરીબ, યુવાન, અન્નદાતા અને મહિલાઓ પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. તેમણે ઉમેર્યું હતું કે રાજ્યનો સૌથી મોટો શાળા પ્રવેશોત્સવમાં ૫૪ હજાર શાળાઓ, ૪ લાખ શિક્ષકો, ૦૧ કરોડ ૧૫ લાખ વિદ્યાર્થીઓ થકી ઉજવણી થતા આ મહોત્સવમાં શિક્ષણનું નાગરિકો મહત્વ સમજે તે ખૂબ જરૂરી છે. માહિતી નિયામકશ્રી બચાણીએ ઉમેર્યું હતું કે, શિક્ષણમાંપરીવર્તન ૪૫ઘ્યા પર આધારિત છે. વિધાસમીક્ષા કેન્દ્ર, મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનુ સુદ્રઢીકરણ થકી રાજ્ય માં શિક્ષણક્ષેત્રે આમુલ પરિવર્તન આવ્યુ છે. માહિતી નિયામકશ્રીએ ઉપસ્થિત શિક્ષકો અને વિદ્યાર્થીઓને ટેકનોલોજીનો ઉપયોગ કરવા પણ અનુરોધ કર્યો હતો.તેમણે જણાવ્યુંહતું કે'યુ ટ્યુબ, જીશાળા, પાઠ્ય પુસ્તકોમાં ક્યુઆર કોડ જેવી તકનીકી થકી બાળકનો શિક્ષણક્ષેત્રેસર્વાંગી વિકાસથાય છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારના પ્રયત્નો અનેછેલ્લા ૨૧ વર્ષથી શાળા પ્રવેશોત્સવ કન્યા કેળવણીની શ્રુંખલાથી ૧૦૦ ટકા નામાંકનની આપણે સિધ્ધી મેળવી શકયા છીએ તેમણે વાલીઓને બાળકો સાથે બેસીને તેમની સાથે ચર્ચા કરવાથી બાળકનો સર્વાંગી વિકાસ થાય તેમ પણ આ તકે જણાવ્યું હતું. આ પ્રસંગે માહિતી નિયામક શ્રી બચાણીએ શિક્ષણ થકીસમાજ અનેવ્યક્તિનો વિકાસ કેવી રીતેથાય છે તેઅંતર્ગત નિવૃત આઈ.એ.એસઅધિકારી શુંભુભાઈ ખટાણાની પ્રેરણાદાયી વાર્તા બાળકો અને વાલીઓને જણાવી હતી. આ પ્રસંગે માહિતી નિયામક શ્રી અને મહાનુભાવોના વરદ હસ્તે બાળકોનેકીટ આપી કુમકુમ તિલક સાથે આવકારવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના થકી કરાઈ હતી.માહિતી નિયામકશ્રીએ એસ.એમ.સી.કમિટીઓને શાળાના શિક્ષકો સાથે બેઠક યોજીને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન સુધારવા તરફ ભાર મૂક્યો હતો. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષામાં વિદ્યાર્થીઓની ભાગીદારી, વાલીઓ સાથે નિયમિત બેઠક સહિત વિવિધ શાળા વિકાસ માટે ચર્ચાઓ કરી વિવિધ સુધારાઓ અને જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ ઉપરાંત શાળામાં ચાલતા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમની મુલાકાત લઈ જરૂરી સુચનો કર્યા હતા.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ વખતે વિદ્યાર્થીઓ દ્વારા સમાજિક અભિયાનના વિવિધ વિષયો પર પ્રવચન આપવામાં આવ્યું હતું આપ્યું હતું. માહિતી નિયામકશ્રી અને મહાનુભાવોના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓ, દાતાશ્રીઓ, સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. કાર્યક્રમના અંતેશાળામાંવૃક્ષારોપણ કરાયું હતું.આ કાર્યક્રમમાં ગામના પદાધિકારીઓ, એસ.એમ.સી કમિટીના સભ્યશ્રીઓ, આચાર્યશ્રી,શાળાના શિક્ષકો સહિત ગામના લોકો અને શાળાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની સાકરિયા પ્રાથમિક શાળા ખાતે શ્રી રતનકંવર ગઢવીચારણ (IAS) સર્વ શિક્ષા અભિયાન પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીના હસ્તે શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ

સરકારશ્રી દ્વારા શિક્ષણમા અનેક સફળ પ્રયાસો થકી ઈન્ફ્રાસ્ટ્રકચર સહિત તમામ ભૌતિક સુવિધાઓ પુરી પાડી છે.અને છેવાડાના બાળક સુધી શિક્ષણ પોહચાડવા સફળ બન્યા છીએ: શ્રી રતનકંવર ગઢવીચારણ (IAS)

કમલમ્-ન્યુઝ,અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪નો 'ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની' થીમ સાથે શુભારંભ થયો છે. આ શ્રેણીમાં અરવલ્લી જિલ્લામાંતારીખ ૨૬ થી ૨૮જૂન દરમિયાન વિવિધ શાળાઓમાં મહાનુભાવો, અધિકારીશ્રીઓ દ્વારા શાળામાંપ્રવેશ આપવામાં આવીરહ્યો છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની સાકરિયા પ્રાથમિક શાળા ખાતે શ્રી રતનકંવર ગઢવીચારણ (IAS)સર્વ શિક્ષા અભિયાન પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીના હસ્તે શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.તેમણે જણાવ્યું હતું કે,શિક્ષણને લઈને રાજ્ય સરકારશ્રીએ ઈન્ફ્રાસ્ટ્રકચર સહિત તમામ ભૌતિક સુવિધાઓ પૂરી પાડી છે.દરેક વાલીને સંબોધીને તેમણે કહ્યું કે, કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ના રહેવુંજોઈએ,આ આપણા સૌ કોઈની જવાબદારી છે. તેમણે શાળા પરિવારને માઠકો પ્લાનિંગથકી ગુણવત્તાપૂર્વક શિક્ષણ આપવા સૂચન અને માર્ગદર્શન આપ્યું હતું.ડાયરેક્ટરશ્રીએ બાલવાટિકાબાળકોસાથે નીચે બેસી ગમ્મત સાથે શિક્ષણનો અભ્યાસ કર્યો સર્વશિક્ષા અભિયાન પ્રોજેક્ટ ડાયરેકટરે શાળાના કેમ્પસમાં વૃક્ષારોપણ કરી પ્રવેશોત્સવને યાદગાર બનાવ્યો.પી.એમશ્રીકરીયા પ્રાથમિક શાળા ના શિક્ષણ થી સર્વ શિક્ષા અભિયાન પ્રોજેક્ટ ડાયરેકટર પ્રભાવિત થયા હતા અને સરકાર શ્રીની યોજનાઓથી બાળકો અને વાલીઓને માહિતગાર કરવામાંઆવે છે અને ભૂલકાઓને ખૂબજ સુંદર રીતે નાનપણથીજ અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે જેનાથી બાળકોની માનસિક અને શારીરિક શક્તિઓ ખીલેછે. સાકરિયાખાતે આસ્થલજિલ્લા શિક્ષણ તાલીમ ભવનની જિલ્લા કલેકટર શ્રી સાથે મુલાકાત કરી હતી અને ત્યાં ચાલતી કોમગીરીની સમીક્ષા પણ કર વામાં આવી હતી.તેમજ વિદ્યાસમીક્ષા કેન્દ્ર રૂ.૦ ઉદ્ઘાટન કરવામાંઆવ્યું હતું. શાળાપ્રવેશોત્સવ કાર્યક્રમ વખતે વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ વિષય પર વકતવ્ય આપ્યું હતું.અન્ય મહાનુભાવોના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું.આ કાર્યક્રમમાંગામના પદાધિકારીશ્રીઓ ,એસ.એમ.સી કમિટીના સભ્યશ્રીઓ, આચાર્યશ્રી, શાળાના શિક્ષકો સહિત ગામના લોકો અને શાળાનાબાળકો વાલીઓ ઉપસ્થિત રહ્યાહતા.

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

રાજ્ય સરકાર દ્વારા 'ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની' થીમ પર રાજયવ્યાપી ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ગૃહ, રમતગમત રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સુરત શહેરની બે પ્રાથમિક શાળાઓમાં બાલવટિકા અને ધો.૧ના બાળકોને શાળાપ્રવેશ કરાવ્યો હતો, જેમાં તેમણે અનોખી બાળવંદના કરી ભૂલકાઓના શાળા પ્રવેશને યાદગાર બનાવ્યો હતો. તેમણે જિંદગીમાં સૌપ્રથમવાર શાળાએ આવેલા બાળકોના સ્વહસ્તે ભૂલકાઓના ચરણ ધોયા, ત્યારબાદ કુમકુમના પગલાની છાપ રૂમાલ પડાવી કુમકુમ પગલાંની છબિ સ્વરૂપે બાળકોને તેની ભેટ આપી હતી. બાળકો સાથે આત્મીય સંવાદ કરી સંસ્કારી અને દેશના સારા નાગરિક બનવાની શીખ આપી હતી.

સિદ્ધપુર તાલુકાના ગણેશપુરા, ઠાકરાસણ અને નાંદોત્રી ગામમાં શાળા પ્રવેશોત્સવનો શુંભારભ કરાવતા કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિહ રાજપૂત

શાળા પ્રવેશોત્સવથી આજે શિક્ષણનો વ્યાપ વધ્યો છે અને ડ્રોપ આઉટ રેશિયો ઘટયો છે: કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત

કોઈપણ બાળક શિક્ષણથી વંચિત રહી ના જાય તે માટેની અદભુત વ્યવસ્થા રાજ્ય સરકાર કરી રહી છે - કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત

કમલમ્ ન્યુઝ,પાટણ

“ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની..” શાળાપ્રવેશોત્સવ – ૨૦૨૪ અંતર્ગત પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના ગણેશપુરા, ઠાકરાસણ અને નાંદોત્રીગામ ખાતે કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતના વરદ હસ્તે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી. શાળાના પટગણામાં કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતનું કુમકુમ કરીને સ્વાગત કરવામાં આવ્યુ. કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતના વરદ હસ્તે ગણેશપુરા, ઠાકરાસણ અને નાંદોત્રી ગામની શાળાઓમાં નાના ભુલકાઓને પ્રવેશ કરાવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ મહાનુભાવોને પુસ્તક આપીને આવકારવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ સ્વાગત ગીત દ્વારા મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ વૃક્ષારોપણ, બેટી બચાવો જેવા વિવિધ વિષયો ઉપર વિદ્યાર્થીઓએ વક્તવ્ય રજૂ કર્યા હતા. પ્રવેશપાત્ર બાળકોને શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી. સાથે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતુ કે, શાળા પ્રવેશોત્સવથી શિક્ષણનો વ્યાપ વધ્યો છે, ડ્રોપઆઉટ રેશિયો ઘટયો છે. જેનુ શ્રેય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે. તેઓએ ૨૦ વર્ષ પહેલાં ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરી હતી. જેનાથી શાળાઓમાં સુવિધાઓ વધી રહી છે. જેનાથી આગામી સમયમાં ભારત દેશ વિશ્વમાં મોખરાનું સ્થાન મેળવશે અને આત્મનિર્ભર બનશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ભારત દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના મતે વિકસિત ભારત ૨૦૪૭માં શિક્ષણનું વિશેષયોગદાન રહેવાનું છે. આજે વિજ્ઞાન પ્રવાહ સાથે તાલમેલ મેળવવા રાજ્ય સરકાર અનેક યોજનાઓથી શાળાઓમાં ૧૦૦% નામાંકનની સિદ્ધિ પ્રાપ્ત કરશે જેનાથી ૧૦૦% પરિણામ મળશે. વધુમાં કેબિનેટ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ના રહી જાય તે માટેની અદભુત વ્યવસ્થા રાજ્યસરકાર કરીરહી છે.તે માટે નમો લક્ષ્મી યોજના, સરસ્વતી યોજના.જેવી વિવિધ યોજનાઓ અમલમાં મૂકીછે. જેનાથકી ઉત્તમ શિક્ષણ મળશે. શાળા પ્રવેશોત્સવ પ્રસંગે એપીએમસીના ચેરમેનશ્રી વિષ્ણુભાઈ પટેલ, સંગઠનના આગેવાનો શ્રી વિક્રમસિંહ ઠાકોર, શ્રીજશુભાઈ પટેલ, શ્રી ભરતસિંહ, શ્રી જયેશભાઈ પંડ્યા, શ્રી શંભુભાઈ દેસાઈ, ઉપરાંત શ્રી દિલીપજી ઠાકોર, શ્રી મનીષભાઈ પ્રજાપતિ ઉપરાંત શ્રી અભેસિંહ, શ્રી વિનુભાઈ સાથે સરપંચશ્રીઓ ઉપરાંત ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

માંડળ, કિકાકૂઈ અને ઉખલદા ગામે ગંગાસ્વરૂપા બહેનોને સાડી વિતરણ કરી

મંત્રી કુંવરજીભાઈ હળપતિએ માનવતા મહેકાવી

કમલમ્ ન્યુઝ,વ્યારા

રાજયના આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર તથા ગ્રામ વિકાસ રાજયમંત્રી કુંવરજીભાઇ હળપતિએ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ નિમિત્તો માંડળ, કિકાકૂઈ અને ઉખલદા ગામે ઉપસ્થિત રહ્યા હતા. તેમની આ મુલાકાત દરમિયાન તેમણે ઉપ ગંગાસ્વરૂપા બહેનોને સાડીનું વિતરણ કરી માનવતાને મહેકાવવાનું કામ કર્યુ હતું. કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત માંડળ, કિકાકૂઈ અને ઉખલદા ગામે બાળકોને શાળા પ્રવેશ કરાવવા માટે આવેલા રાજયમંત્રી કુંવરજીભાઇ હળપતિનું પોતાના સમાજ પ્રત્યેની સંવેદના સામે આવી હતી. રાજયમંત્રીએ માંડળ, કિકાકૂઈ અને ઉખલદા ગામે ગામની ગંગાસ્વરૂપા બહેનો પ્રત્યે દાખવેલી સંવેદના સમગ્રસમાજ માટે પ્રેરણારૂપ બની રહેશે. રાજયમંત્રીએ સૌપ્રથમ આ બહેનોના ખબર અંતર પુછયા હતા. ત્યારબાદ તેમણે ઉપસ્થિત ગંગાસ્વરૂપા બહેનોને સાડી ભેટ આપી પરિવારના મોભી તરીકેની પોતાની જવાબદારી અદા કરીહતી.

આ ઉપરાંત મંત્રી હળપતિએ શાળામાં ભણતા બાળકો માટે પણ દફતર બેગ, નોટબુક, બોલપેન તથા પેન્સિલ સહિતની શિક્ષણ માટે ઉપયોગી કીટ બનાવી બાળકોને ભેટ આપી હતી. તેમણે સૌ બાળકો નિયમિત રીતે શાળાએ જઈ પુરતું અને ગુણવત્તાયુક શિક્ષણ મેળવે એવી અપેક્ષાપણ આ વેળાએ વ્યકત કરી હતી.

વાલીઓ સજાગપણે બાળકોના શિક્ષણ પરત્વે ધ્યાન આપે રાજ્યમંત્રી: કુંવરજીભાઇ હળપતિ

માંડળ, કિકાકૂઇ અને ઉખલદા ખાતેથી આદિજાતિ રાજયમંત્રીએ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો કરાવ્યો પ્રારંભ

કમલમ્ ન્યુઝ,વ્યારા

વિકસિત ભારતનું ચણતર શિક્ષણના પાયા પર થતું હોઇ, તમામ વાલીઓ સજાગપણે પોતાના બાળકોના શિક્ષણ પર ધ્યાન એ ખૂબ જરૂરી છે એમ રાજયના આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર તથા ગ્રામ વિકાસ રાજયમંત્રી કુંવરજીભાઇ હળપતિએ જણાવ્યું હતું. સોનગઢ તાલુકાના માંડળ, કિકાકૂઈ અને ઉખલદા ખાતેથી કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની પ્રારંભ વેળાએ ઉપસ્થિત મેદનીને સંબોધતા રાજયમંત્રી હળપતિએ કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની ફળશ્રુતિ વર્ણવતા તેમણે જણાવ્યું હતું કે, કન્યા કેળવણી મહોત્સવને કારણે કન્યાઓએ આજે ગુણવત્તાયુકત શિક્ષણ મેળવી દરેક ક્ષેત્રમાં આગવી ઓળખ મેળવી છે એમ કહી તેમણે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને કારણે રાજયના ડ્રોપ આઉટ રેટમાં ધરખમ ઘટાડો નોંધાયો છે એમ ઉમેર્યું હતું. આ પ્રસંગે મંત્રી કુંવરજીભાઈએ રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના પ્રણેતા અને હાલ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીને યાદ કરી તેમણે કન્યા કેળવણી પ્રત્યે રાજયમાં આવેલા ધરમૂળ ફેરફારોની પણ સરાહના કરી હતી. તેમણે તાજેતરમાં જ રાજયના મૃદુ અને મકકમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા શરૂ કરવામાં આવેલી નમો સરસ્વતિ અને નમો લક્ષ્મી યોજના અંગે વિગતે જાણ કારી આપી આ યોજના થકી થનારા ફાયદાઓ અંગે પણ વિગતે છણાવટ કરી, આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ શિક્ષણલક્ષી યોજનાઓ તેમજ કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓ અંગે પણ વિગતે માહિતી આપી હતી. બાળકોના ચારિત્ર્ય અને ભાવિ ઘડતરમાં શિક્ષકોની ભૂમિકા અંગે પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, શિક્ષક એક એવી મહાન વ્યક્તિ છે જે બાળકને સાચો નાગરિક બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે એમ જણાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મંત્રી અને મહાનુભાવોએ આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ ૧માં પ્રવેશ મેળવતા બાળકોને શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે શાળાના બાળકોએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કર્યુ હતું. શાળાના બાળકોએ સ્વચ્છ ભારત, પાણી બચાવો જેવા વિષયો પર તેમના મંતવ્યો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન શાળાના બાળકોએ કર્યું હતું. માંડળ, કિકાકૂઈ અને ઉખલદા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી સુશ્રી. ડી. ડી. ગાવિત, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી રવિન્દ્રભાઈ ગામીત, આસીસ્ટન્ટ લાયઝનિંગ ઓફિસર યાકુબભાઈ ગામીત, અગ્રણી વિક્રમભાઈ ગામીત, વિજયભાઇ વસાવા, વ્યારા સુગરના ડિરેકટર અશોકભાઈ ગામીત, માંડળના સરપંચ આનંદીબેન, કિકાકૂઈના સરપંચ પ્રશાંતભાઇ, અન્ય ગામોના સરપંચો, અન્ય પદાધિકારીઓ, અધિકારીઓ શિક્ષકો, વાલીઓ અને સંબંધકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

- આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર તથા ગ્રામવિકાસ રાજયમંત્રી કુંવરજીભાઇ હળપતિની ઉપસ્થિતિમાં યોજાયેલા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન માંડળ પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન બાલવાટિકામાં ૩ કુમાર અને ૩ કન્યા, ધો.૧માં ૮ કુમાર અને ૧ કન્યા, પ્રાથમિક શાળા માંડળ દક્ષિણ ફળિયામાં બાલ વાટિકામાં ૨ કુમાર અને ૨ કન્યા, ધો.૧માં ૪ કુમાર અને ૧ કન્યા, પ્રાથમિક શાળા ખાંભલમાં બાલવાટિકામાં ૧ કુમાર અને ૧ કન્યા, ધો.૧માં ૩ કુમાર અને ૪ કન્યાઓને શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.
- પ્રાથમિક શાળા કિકાકૂઇ ખાતે યોજાયેલા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ દરમિયાન બાલવાટિકામાં ૧ કુમાર અને ૫ કન્યા, ધો. ૧માં ૬ કુમાર અને ૬ કન્યા, દક્ષિણ ફળિયા પ્રાથમિક શાળા કિકાકૂઇ ખાતે બાલવાટિકામાં ૧ કુમાર ૧ કન્યા, ધો. ૧માં ૮ કુમાર અને ૨ કન્યા, ડુંગરી ફળિયા પ્રાથમિક શાળા કિકાકૂઇ ખાતે બાલવાટિકામાં ૨ કુમાર અને ૩ કન્યા, ધો. ૧માં ૧ કુમાર અને ૧ કન્યાને શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.
- જયારે ઉખલદા પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં બાલવાટિકામાં ૯ કુમાર અને ૫ કન્યા, ધો. ૧ માં ૮ કુમાર, દક્ષિણ ફળિયા પ્રાથમિક શાળા ઉખલદા ખાતે બાલવાટિકામાં ૪કુમાર અને ૪ કન્યા, ધો. ૧માં ૩ કુમાર અને ૬ કન્યા, પ.ફ. પ્રાથમિક શાળા ઉખલદા ખાતે બાલવાટિકામાં ૪ થમિક શાળા ઝાડપાટી ખાતે બાલવાટિકામાં ૧ કુમાર અને ૧ કન્યા ધો. ૧માં ૩ કુમાર અને ૪ કન્યાઓને મંત્રી અને મહાનુભાવોના હસ્તે શાળા પ્રવેશ કરાવાયો હતો.

શાળા એટલે હસતા-રમતા ગમ્મત સાથે વિદ્યા મેળવવાનું મંદિર: ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવી

ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે શહેરની બે પ્રાથમિક શાળામાં ૮૬ ભુલકાઓનું નામાંકન કરાયું: એક માધ્યમિક શાળા ૪૭૦ વિદ્યાર્થીઓને પ્રવેશ કરાયો

માતા-પિતાને ટ્રાફિકના નિયમો વિશે સમજ આપી ટ્રાફિક નિયમોનું પાલન કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા ગૃહરાજ્યમંત્રી

કમલમ્ ન્યુઝ,

રાજ્ય સરકાર દ્વારા 'ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની' થીમ પર રાજયવ્યાપી ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ગૃહ, રમતગમતરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સુરત શહેરની બે પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકા અને ધો.૧ના કુલ ૮૬ ભુલકાઓને કુમકુમ પગલા પડાવી, પગ ધોઈ, પદપૂજન કરીવાજતે-ગાજતે પ્રવેશ અપાવ્યો હતો. ઉપરાંત, શહેરની એક માધ્યમિક શાળામાં ધો.૯માં ૨૩૦ અને ધો.૧૧માં ૨૪૦ મળી કુલ ૪૭૦ વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવ્યો હતો. મંત્રીશ્રીના હસ્તે પ્રા. શાળાના ભૂલકાઓને દાતાઓના સહયોગથી પ્રાપ્ત સ્કુલબેગ, નોટબુક, છત્રી, ફળો, રમકડા, ચોકલેટ સહિતની શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું હતું. મંત્રીશ્રીએ સુરત મનપાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પ્રા.શાળા ક્રમાંક-૨માં ધો.૧માં ૦૮, બાલવાટિકામાં ૦૮, અને અગ્રસેન ભવન, સિટીલાઈટ સ્થિત મહારાજાઅગ્રસેન પ્રા.શાળા ક્રમાંક-૧૬૦ અને ૩૩૭ એમ બે સ્કુલના ધો.૧માં ૪૬, બાલવાટિકામાં ૨૨ મળી કુલ ૮૬ બાળકો, સેન્ટ ઝેવિયર્સહાઈસ્કુલના ધો.૯માં ૨૩૦ અને ધો.૧૧માં ૨૪૦મળીકુલ ૪૭૦વિદ્યાર્થીઓને ઉત્સાહભેર શાળાપ્રવેશ અને નામાંકન કરાવ્યું હતું. આ પ્રસંગે ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, શાળા એ હસતા-રમતાગમ્મત સાથેવિદ્યા મેળવવાનું મંદિર છે. શિક્ષકનો શાળા અને વિદ્યાર્થી પ્રત્યેનો લગાવ અને વિદ્યાર્થીઓનો શિક્ષકપ્રત્યેનો લગાવ આ બે સેતુ અરસ-પરસ બંધાય ત્યારે શિક્ષણ યાત્રા તેની ટોચ સુધી પહોચે છે. ખેલમહાકુંભ થકી સંગીત,નૃત્ય, કબડ્ડી, ખો-ખો જેવી રમત ગમતની સ્પર્ધાઓને યોગ્ય પ્લેટફોર્મ મળ્યું છે ત્યારે નાના ભૂલકાઓમાં બાળપણથી ઉચ્ચ સંસ્કારોનું સિંચન થાય એના પર ભાર મૂકયો હતો. શાળામાં બાળકોનું ઉચ્ચ જીવન ઘડતર થાય અને સારો નાગરિક બની દેશનું માથું ગર્વથી ઉન્નત કરે તેવા પ્રયાસો કરવાની હિમાયત તેમણે કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દેશનું એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય એ માટે સતત ચિંતિત અને આગ્રહી રહ્યા છે. ગુજરાતમાં તેમના પ્રયાસોથી શરૂ થયેલી શાળા પ્રવેશોત્સવની ઉજવણીના કારણે રાજયમાં ડ્રોપ આઉટ રેસિયો નહિવત થયો છે, અને ૧૦૦ ટકા નામાંકન થઈ રહ્યું છે. મંત્રીશ્રીએ એક માતા ૧૦૦ શિક્ષકની ગરજ સારે છે એમ જણાવી માતા બાળકના જીવનનો પ્રથમ શિક્ષક બને છે જેથી તેણે બાળકને અભ્યાસ કરવા માટે સતત પ્રેરણા આપવી જોઈએ અને શાળામા બાળકોને નિયમિતપણે મોકલવામાં કચાશ ન રાખે એમ તેમણે ઉમેર્યુ હતું. માતા-પિતાને ટ્રાફિકના નિયમો વિશે સમજ આપી ટ્રાફિક નિયમોનું પાલન કરવા માટે વિદ્યાર્થીઓને ગૃહરાજયમંત્રીએ ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. માતા-પિતા જ્યારે બાઇક લઇ ઘરની બહાર નીકળે ત્યારે બાળકે તેમને હેલ્મેટ પહેરવાનું અચૂક યાદ અપાવવાનું છે એવી શીખ આપી હતી. આ વેળાએ મહાનુભાવોના હસ્તે શાળામાં અભ્યાસ કરી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરાનારા બાળકોને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા. તેમજ શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે નગર પ્રા. શિક્ષણ સમિતિના અધ્યક્ષાશ્રી રાજેન્દ્રભાઈ કાપડીયા, શાસનાધિકારીશ્રી મેહુલ પટેલ, કોર્પોરેટર શ્રી ડિમ્પલબેન, શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો, સામાજિક અગ્રણીઓ, વાલીઓ-શહેરીજનો અને પ્રવેશ મેળવનાર ભૂલકાઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028